દારુ.જુગાર ચોરી અંગેની ફરિયાદોનો નિકાલ
પોલીસ પેટ્રોલીંગની વ્યવસ્થા કરવા બાબત..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક.પસઈ. ૧૮૭૭-૪૮૯૦-ન:૭:
સચિવાલય,ગાંધીનગર,
તા. ૧૯-૧૨-૧૯૭૭.

પ રિ પ ત્રઃ-
- - - - - - - -

મંત્રીશ્રીની રાજકોટ અને જુનાગઢની મુલાકાત દરમ્યાન દારુ, જુગાર અને ચોરી અંગેની જે જુદી જુદી ફરિયાદો કરવામાં આવી તે અંગે મંત્રીશ્રીનું સામાન્ય મંતવ્ય એવું હતું કે આ ગુનાઓ અટકાવવામાં પોલીસ પેટ્રોલીંગ ઘણો સારો ફાળો આપી શકે,પરંતુ પોલીસ પેટ્રોલીંગ થોડા વર્ષો પૂર્વે જે અસરકારક રીતે કરાતું હતું તે પ્રમાણે હાલ થઇ રહયું હોય તેમ જણાતું નથી.તો આ બાબતમાં જરુરી કાળજી રાખી દારુ,જુગાર અને ચોરીના ગુન્હાઓ અટકાવવા માટે પોલીસ પેટ્રોલીંગ અસરકારક રીતે થાય તે જોવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રફુલ્લ ગુપ્તે
ઉપસચિવ,
ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
પોલીસ કમીશ્નરશ્રી,અમદાવાદ શહેર,
સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ વેસ્ટર્ન રેલ્વે વડોદરા,
નકલ સવિનય રવાના:-
મુખ્ય પોલીસ અધિકારી,ગુજરાત રાજ્ય,અમદાવાદ,
સર્વે અધિક મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા.,અમદાવાદ,
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
નકલ ગૃહ વિભાગ,બ-શાખા.

ડી. ૧૬ ૧૯૩/૫૦